**મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલત ના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી (સીની.સીવીલ જજ સાહેબ)ની કોર્ટમાં, મુ.અમદાવાદ**

**ફોજદારી કેસ નં.૬૨૮/૨૦૨૧**

**આંક–**

**ફરીયાદી ::–** લઘુતમ વેતન ઈન્સપેકટર
(શ્રી આર.પી.ભંડેરી લઘુતમ વેતન ઈન્સપેકટર,અમદાવાદ)

**– : : વિરુધ્ધ : : –**

**આરોપી ::–** (૧) બોસ્ટેક પ્રા.લી.
૭૨૫, ઈસ્કોન એમ્પોરીયો,
સ્ટાર બજાર પાસે, જોધપુર ચાર રસ્તા,
સેટેલાઈટ, અમદાવાદ

(૨) શ્રી ફેનીલ સી.પટેલ (ડાયરેકટરશ્રી)
કે/ઓ. બિોસ્ટેક પ્રા.લી.
૭૨૫, ઈસ્કોન એમ્પોરીયો,
સ્ટાર બજાર પાસે, જોધપુર ચાર રસ્તા,
સેટેલાઈટ, અમદાવાદ

**ગુનો :–** લઘુતમ વેતન અધિનિયમ ૧૯૬૧ ના કલમ–૨૨(એ) મુજબ શિક્ષા પાત્ર ગુનો કરવા બાબત...

---

ફરીયાદી તરફે .. હાજર
આરોપી તરફે .. ઓથોરાઈઝર્ડ પરર્સન મારફતે હાજર

---

**–:: ઠ રા વ ::–**

(૧) નામ.ગુજરાત હાઈકોર્ટના નોટીફીકેશન નં.એ.૩૬૦૮/૨૦૧૫, તા.૨૩/૦૬/૨૦૧૭ અન્વયે ફોજદારી કેસો ચલાવવાની સત્તા સીવીલ જજ તથા જયુ.મેજી.ફ. ક.ને મળતા સદરહું ફોજદારી કેસ અત્રેની મજુર અદાલતમાં દાખલ થતા,સદરહું ફોજદારી કેસને ફોજદારી કેસ નં.૬૨૮/ ૨૦૨૧ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે,આ કામના ફરીયાદી અધિનીયમની કલમ–૧૯(૧) હેઠળ નિરીક્ષક તરીકે નિમાયેલા છે. આ કામના ફરીયાદીએ આરોપી સંસ્થાની મુલાકાત લેતા,સંસ્થામાં તા.૧૮/૨/૨૦૨૧ ના રોજ લઘુતમ વેતન અધિનિયમ ૧૯૬૧ ના નિયમ– ૨૬ (ડી), ૨૬(૨), ૨૧(૪), ૨૧(૧)(એ)નાં ભંગ બદલ લઘુતમ વેતન અધિનિયમ કલમ–૨૨(એ) મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરીયાદ શ્રી સરકારી અધિકારી એ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૩) હાલની ફરીયાદ અત્રેની અદાલતમાં દાખલ થયા બાદ,અત્રેની અદાલત ધ્વારા આ કામના આરોપી સંસ્થા તથા તેના જવાબદાર વ્યકિતઓને સમન્સ કરતા,આરોપી સંસ્થા વતી તેમના ઓથોરાઈઝડ પરર્સનશ્રી **પટેલ જગદીશભાઈ ભકિતદાસ** જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ,ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરેલ છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/ સંસ્થાનો પ્રથમ

ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામા ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) હાલના કામે તહોમતદારોના ઓથોરાઈઝડ પરર્સન શ્રી **પટેલ જગદીશભાઈ ભકિતદાસ** એ ગુન્હા ની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામા આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબલુ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂઘ્ધ પુરાવા તરીકે ઉપયોગમા લેવાશે, આમ છતા તેઓ તમા તોહમદાર વતી હાલનો ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે,ત્યારબાદ તમામ તહોમતદારો વતી તેમના ઓથોરાઈઝડ પરર્સન શ્રી **પટેલ જગદીશભાઈ ભકિતદાસ** ની પ્લી રેકર્ડ કરવામા આવતા તેમા પણ તેઓ આ કામે તહોમતદાર કંપનીના ઓથોરાઈઝડ પરર્સન તરીકે હાલનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે.આમ આ કામે તહોમતદાર કંપની તેમના ઓથોરાઈઝડ પરર્સન વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબલુ કરતા હોવાનુ જણાય છે.

(૫) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ઘ્યાનમાં લેતાં તમેજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરલે રજુઆત મુજબ તેમના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપી ને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામા આવેશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોટર્નુ માનવુ છે.સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા સ્ટટે ઓફ ગુજરાત વિરુઘ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતને લક્ષમાં લેતાં, હાલના આરોપી વિરુઘ્ધ ગુનો સાબીત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ઘ્યાન માં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

૧) કામે આરોપી/સંસ્થાને ક્રિ.પ્રો.કો.ક.૨૫૨ અન્વયે લઘુતમ વેતન અધિનિયમ ૧૯૬૧ના નિયમ– ૨૬ (ડી), ૨૬(૨), ૨૧(૪), ૨૧(૧)(એ) ના ભંગ બદલ લઘુતમ વેતનની ક.૨૨ (એ) હેઠળ તકસીર વાન ઠરાવીને આરોપી/સંસ્થાનેં રૂા.૨,૦૦૦/–× ૪ નિયમ ×૨ આરોપી એટલે કે, **રૂા.૧૬,૦૦૦/– (અંકે રૂપિયા સોળ હાજર પુરા)** નો દંડ, અને જો દડં ન ભરે તો દિન.–૩૦ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજરોજની નેશનલ લોકઅદાલત દરમ્યાન યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૯/૨૦૨૧
સ્થળ : અમદાવાદ.

**( દિપક હસમુખભાઈ ખંભાતી)**
**CODE : GJ00866**
**એડિશનલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ**